# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર.
## પરીક્ષા શાખા.

**એક્ઝામીનેશન કંટ્રોલ બોર્ડની તા. ૩૦/૧૧/૨૦૨૩ નાં રોજ મળેલ સભાની કાર્યવાહીની નોંધ**

એક્ઝામીનેશન કંટ્રોલ બોર્ડની સભા તા. ૩૦/૧૧/૨૦૨૩ ને ગુરૂવારનાં રોજ મા. કુલપતિશ્રી ડો. મુકુલભાઈ પટેલ સાહેબના અધ્યક્ષસ્થાને ચાણક્ય ભવન, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી ખાતે મળેલ.

**નીચે મુજબના સદસ્યશ્રીઓ હાજર રહેલ.**

(૧) કુલપતિશ્રી, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,જામનગર.
(૨) નિયામકશ્રી આયુષ, આયુષ કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર
(૩) વૈદ્ય ભરતભાઈ કલસરીયા, આચાર્યશ્રી, સરકારી આયુર્વેદ કોલેજ, વડોદરા
(૪) વૈદ્ય શ્રેયસભાઈ ભાલોડીયા, આચાર્યશ્રી, ગ્લોબલ આયુર્વેદ કોલેજ, રાજકોટ
(૫) વૈદ્ય અલ્પેશભાઈ જારસાણીયા, પ્રોફેસર, સરકારી આયુર્વેદ કોલેજ, જુનાગઢ
(૬) વૈદ્ય દિલીપભાઈ જાની, પ્રોફેસર, સરકારી આયુર્વેદ કોલેજ, વડોદરા
(૭) કુલસચિવશ્રી, મેમ્બર સેક્રેટરી, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર

કાર્યસૂચિ–૧ :
એક્ઝામીનેશન કંટ્રોલ બોર્ડની તા. ૨૫/૨૬–૦૯–૨૦૨૩ નાં રોજ મળેલ સભાની કાર્યવાહીની નોંધ મંજુર કરવા અંગે.

ઉપરોકત કાર્યવાહીની નોંધ બોર્ડના સર્વે સદસ્યશ્રીઓને પત્ર નં.૪/પરીક્ષા/૨૦૨૩–૨૪/૮૫૫, તા. ૨૭/૦૯/૨૦૨૩ થી મોકલી આપવામાં આવેલ છે, જે મંજુર થવા પ્રસ્તાવ છે.

**ઉપરોકત મીટીંગની કાર્યવાહીની નોંધ મંજુર થતાં માન. અધ્યક્ષશ્રીએ સહી કરેલ.**

કાર્યસૂચિ–૨:
એક્ઝામીનેશન કંટ્રોલબોર્ડની તા. ૨૫/૨૬–૦૯–૨૦૨૩ નાં રોજ મળેલ સભાની કાર્યવાહી અન્વયે લેવામાં આવેલ પગલા બાબત.

**એક્ઝામીનેશન કંટ્રોલબોર્ડની ઉપરોકત મળેલ સભાના નિર્ણય અનુસાર કરવામાં આવેલ કાર્યવાહીની નોંધ લેવામાં આવેલ.**

**એક્ઝામીનેશન કંટ્રોલ બોર્ડની તા. ૧૨/૦૬/૨૦૨૩ નાં રોજ મળેલ સભાની કાર્યવાહીની નોંધમાં કાર્યસૂચિ–૬–વિદ્યાર્થી દ્વારા ભરવામાં આવતી ઓનલાઈન ફી ના ગેટ વે બાબતે એજન્સીએ સભા સમક્ષ ડેમોન્સ્ટ્રેશન આપેલ. ઓનલાઈન ફી બાબતે આગામી પરીક્ષામાં ઓનલાઈન ફી લેવાનો સર્વાનુમતે નિર્ણય લેવામાં આવ્યો.**

કાર્યસૂચિ–૩ :
આગામી જાન્યુઆરી–૨૦૨૪ માં યુનિવર્સિટી દ્વારા લેવાનાર બી.એ.એમ.એસ. પ્રથમ વર્ષ(રીપીટર બેચ) ની પરીક્ષા માટે પેપર સેટર અને પેપર મોડરેટર, લેખિત તથા પ્રેકટીકલ પરીક્ષાના પરીક્ષકશ્રીઓ તેમજ સીનીયર સુપરવાઈઝરશ્રીઓની નિમણુંક થવા બાબત.

ફેબ્રુઆરી–૨૦૨૪ માં એમ.ડી. (આયુ) ફાયનલ યરની પરીક્ષા માટે લેખિત તથા પ્રેકટીકલ પરીક્ષાના પરીક્ષકશ્રીઓ, થીસીસ એસેસમેન્ટના પરીક્ષકશ્રીઓ તેમજ સીનીયર સુપરવાઈઝરશ્રીઓની નિમણુંક થવા બાબત.

વર્ષ–૨૦૨૧–૨૨ ના બી.એ.એમ.એસ. ના પ્રથમ પ્રોફેશનલ વર્ષમાં એડમીનશન મેળવેલ વિદ્યાર્થીઓની પરીક્ષા જુલાઈ–૨૦૨૩ માં યોજાયેલ. આ પરીક્ષામાં ફેઈલ થયેલ વિદ્યાર્થીઓની પરીક્ષા (રીપીટર બેચ) આગામી જાન્યુઆરી–૨૦૨૪ માસમાં યોજવાની રહે છે. આ પરીક્ષામાં કુલ–૧૫૬૭ વિદ્યાર્થીઓ પૈકી કુલ–૮૩૫ વિદ્યાર્થી પાસ થયેલ છે, એટીકેટીવાળા –૪૩૫ વિદ્યાર્થીઓ તથા ફેઈલ થયેલ વિદ્યાર્થીઓ કુલ–૨૯૩ છે. આ વિદ્યાર્થીઓની પરીક્ષા માટે પેપર સેટર અને પેપર મોડરેટરની તથા લેખિત તથા પ્રેકટીકલ પરીક્ષાના પરીક્ષકશ્રીઓ તેમજ સીનીયર સુપરવાઈઝરશ્રીઓની નિમણુંક થવા બાબતે પ્રસ્તાવ રજુ કરેલ છે.

હાલ બી.એ.એમ.એસ. પ્રથમ પ્રોફેશનલ વર્ષ ન્યુ સિલેબસના તમામ વિષયના કુલ–૨ સેટ પેપરો છે, ત્રણ નવા સેટ પેપર સેટર પાસે તૈયાર કરાવવાના રહે છે તથા તેને મોડરેટ કરાવવાના રહે છે, જે જાણ માટે.

ફેબ્રુઆરી–૨૦૨૪ માં એમ.ડી. (આયુ) ફાયનલ યરની પરીક્ષા માટે લેખિત તથા પ્રેકટીકલ પરીક્ષાના પરીક્ષકશ્રીઓ, થીસીસ એસેસમેન્ટના પરીક્ષકશ્રીઓ તેમજ સીનીયર સુપરવાઈઝરશ્રીઓની નિમણુંક થવા બાબતે પ્રસ્તાવ રજુ કરેલ છે.

**ઉપરોકત પ્રસ્તાવ બાબતે બી.એ.એમ.એસ. પ્રથમ પ્રોફેશનલ–૨૦૨૧–૨૨ ના રીપીટર બેચની લેખિત પરીક્ષા તા. ૩૦/૦૧/૨૦૨૪ થી તથા પ્રેકટીકલ પરીક્ષા તા. ૧૦/૦૨/૨૦૨૪ થી શરૂ કરવાનો નિર્ણય સર્વાનુમતે કરવામાં આવ્યો. પરીણામ જાહેર કરવાની સંભવિત તા. ૧૫/૦૩/૨૦૨૪ નકકી કરવામાં આવી. આ રીપીટર બેચ માટે લેખિત પરીક્ષા માટે નીચેની વિગતે પરીક્ષા કેન્દ્રો મર્જ કરવા તેમ સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો. પ્રેકટીકલ પરીક્ષા માટે પરીક્ષા કેન્દ્રો ઝોનવાઈઝ નિયત કરેલા છે તે મુજબ પરીક્ષા લેવી તેમ સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો.**

| ક્રમ | મર્જ થયેલ કોલેજનું નામ | પરીક્ષા સેન્ટર (કોલેજનું નામ) |
|---|---|---|
| ૧ | અખંડાનંદ–કોલવડા, સ્ટેટ મોડેલ કોલેજ – કોલવડા | સ્ટેટ મોડેલ કોલેજ – કોલવડા |
| ૨ | સરકારી–વડોદરા, કે. જે. સાવલી–વડોદરા | સરકારી આયુર્વેદ કોલેજ – વડોદરા |
| ૩ | ઓ.હી. નાઝર–સુરત, આર.એમ.ડી. – વાગલધારા | ઓ.હી. નાઝર – સુરત |
| ૪ | ધન્વતરિ–કોયડમ, જય જલારામ–ગોધરા | જય જલારામ–ગોધરા |
| ૫ | જે. એસ. આયુર્વેદ – નડીયાદ, ભાર્ગવા–દહેમી | જે. એસ. આયુર્વેદ કોલેજ – નડીયાદ |
| ૬ | અનન્યા–કલોલ, મંજુશ્રી–પીપલજ, બાલાહનુમાન આયુર્વેદ કોલેજ– લોદરા | મંજુશ્રી–પીપલજ |
| ૭ | જે. પી. ભાવનગર | શેઠ જે. પી. આયુર્વેદ કોલેજ – ભાવનગર |
| ૮ | વી. એમ. મહેતા – આણંદપર, ઈશ્વરીયા–રાજકોટ, | વી.એમ. મહેતા –આણંદપર |
| ૯ | મૂરલીધર આયુર્વેદ કોલેજ–રાજકોટ, બી.જી. ગેરૈયા–રાજકોટ, ગ્લોબલ આયુર્વેદ કોલેજ, નેત્ર ચિકિત્સા – અમરેલી | મૂરલીધર આયુર્વેદ કોલેજ – રાજકોટ |
| ૧૦ | સરકારી–જુનાગઢ, ઈવા–સુપેડી, નોબલ–જુનાગઢ | સરકારી આયુર્વેદ કોલેજ – જુનાગઢ |
| ૧૧ | મર્ચન્ટ આયુર્વેદ કોલેજ – બાસણા, વસંત પરીખ આયુર્વેદ કોલેજ – વડનગર | વસંત પરીખ આયુર્વેદ કોલેજ – વડનગર |

**એમ.ડી. (આયુ) ફાયનલ યરની પરીક્ષા માટે લેખિત પરીક્ષા તા. ૧૪/૦૨/૨૦૨૪ થી તથા પ્રેકટીકલ પરીક્ષા તા. ૧૯/૦૨/૨૦૨૪ થી શરૂ કરવાનો નિર્ણય સર્વાનુમતે કરવામાં આવ્યો. એમ.ડી. (આયુ) પરીક્ષાની ઉતરવહીઓનું એસેસમેન્ટ ઓફલાઈન રીતે સરકારી આયુર્વેદ કોલેજ, વડોદરા ખાતે કરવાનો તથા ઉતરવહીઓ આચાર્યશ્રીની કસ્ટડીમાં સીસીટીવી કેમેરાની દેખરેખ હેઠળ રહેશે તેમ સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો. પરીણામ જાહેર કરવાની સંભવિત તા. ૨૬/૦૨/૨૦૨૪ નકકી કરવામાં આવી.**

...૩...

**બી.એ.એમ.એસ. ના રીપીટર બેચ માટે પેપર સેટર, મોડરેટરશ્રીઓ, સીનીયર સુપરવાઈઝરશ્રીઓની નિયુક્તિ કરવામાં આવી.**

**એમ.ડી. (આયુ) ફાયનલ યરની પરીક્ષા માટે થીસીસ એસેસમેન્ટના પરીક્ષકશ્રીઓની નિયુક્તિ કરવામાં આવી.**

**બી.એ.એમ.એસ. ના રીપીટર બેચ માટે તથા એમ.ડી. (આયુ) ફાયનલ યરની પરીક્ષા માટે – બંને પરીક્ષા માટે લેખિત તથા પ્રેક્ટીકલ પરીક્ષા માટેના પરીક્ષકશ્રીઓની નિયુક્તિ હવે પછીની એક્ઝામીનેશન કંટ્રોલ બોર્ડની મીટીંગમાં કરવામાં આવશે તેમ સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો.**

કાર્યસૂચિ–૪ :
પેપરની આન્સર કી ની ગાઈડ લાઈન તૈયાર કરવા માટેની જરૂરી કમિટિની રચના થવા બાબત.

ઉપરોક્ત બાબતે એક્ઝામીનેશન કંટ્રોલ બોર્ડની તા. ૨૫/૨૬–૦૯–૨૦૨૩ ની સભામાં સદરહુ પ્રસ્તાવ કાર્યસૂચિ–૬ થી રજુ કરવામાં આવેલ. તેમાં નિર્ણય થયેલ કે, પરીક્ષા શાખા દ્વારા આન્સર કી ની ગાઈડ લાઈન તૈયાર કરવી. આ બાબતે જણાવવાનું કે, આન્સર કી ની ગાઈડ લાઈન તૈયાર કરવાની બાબત સિલેબસને લગત હોય, તે સિલેબસ ધ્યાને રાખીને તૈયાર કરવાની રહે છે, જે ધ્યાને લઈ પેપરની આન્સર કી ની ગાઈડ લાઈન તૈયાર કરવા માટે તા. ૨૫/૨૬–૦૯–૨૦૨૩ ની સભામાં કાર્યસૂચિ–૬ થી થયેલ નિર્ણય પરત્વે ફેરવિચારણા કરી જરૂરી કમિટિની રચના થવા પ્રસ્તાવ રજુ કરેલ છે.

**ઉપરોક્ત બાબતે નીચે મુજબના સદસ્યશ્રીઓની કમિટિની રચના સર્વાનુમતે કરવામાં આવી.**

**(૧) ડો. રાજેશભાઈ બરવાળીયા, સરકારી અખંડાનંદ આયુર્વેદ કોલેજ, કોલવડા – ચેરમેનશ્રી**
**(૨) ડો. મહેશચંદ ગુપ્તા, સરકારી આયુર્વેદ કોલેજ, વડોદરા – સભ્યશ્રી**
**(૩) ડો. હરીઓમ ગુપ્તા, સરકારી આયુર્વેદ કોલેજ, જુનાગઢ – સભ્યશ્રી**
**(૪) ડો. વિપુલભાઈ પટેલ, સરકારી આયુર્વેદ કોલેજ, વડોદરા – સભ્યશ્રી**
**(૫) ડો. સારીકાબેન પટેલ, વી. એમ. મહેતા આયુર્વેદ કોલેજ, આણંદપર – સભ્યશ્રી**

કાર્યસૂચિ–૫ :
પરીક્ષા શાખાની એસ.ઓ.પી. તૈયાર કરવા બાબત.

એક્ઝામીનેશન કંટ્રોલ બોર્ડની તા.૨૫/૨૬–૦૯–૨૦૨૩ ની સભામાં કાર્યસૂચિ–૫, બાબત–૨ થી થયેલ નિર્ણય અન્વયે પરીક્ષા શાખાની કામગીરી બાબતે એસ.ઓ.પી. તૈયાર કરવામાં આવેલ છે, જે આ સાથે પરિશિષ્ટ–૧ તથા પરિશિષ્ટ–૧(૧) થી સામેલ રાખેલ.

**પરીક્ષા શાખા દ્વારા તૈયાર કરવામાં આવેલ એસ.ઓ.પી. એક્ઝામીનેશન કંટ્રોલ બોર્ડ દ્વારા વંચાણે લેવામાં આવેલ. ચર્ચા વિચારણાના અંતે એસ.ઓ.પી. ટેબલ ફોરમેટ / ફલોચાર્ટમાં સમય મર્યાદા સાથે હવે પછીની મીટીંગમાં રજુ કરવી તેમ સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો.**

...૪...

બાબત–૧ :

એક્ઝામીનેશન કંટ્રોલ બોર્ડમાં સભ્ય તરીકે નિયામકશ્રી આયુષ, ગુજરાત રાજ્ય ગાંધીનગરની નિયુક્તિ બાબત.

**એક્ઝામીનેશન કંટ્રોલ બોર્ડની તા. ૩૦/૧૧/૨૦૨૩ ની સભામાં નિયામકશ્રી આયુષ, ગુજરાત રાજય ઉપસ્થિત રહેલ. આ મીટીંગમાં તેઓની રૂબરૂમાં રજુઆત આવેલ કે, તેઓ હસ્તક ગુજરાત આયુષ વિભાગની તમામ વહીવટી અને અગત્યની કામગીરી ઉપરાંત કોલેજના આચાર્ય તરીકેની કામગીરી રહેતી હોય છે. આથી એક્ઝામીનેશન કંટ્રોલ બોર્ડમાં ઉપસ્થિત રહી શકે તેમ હોતું નથી, જેથી તેઓને સભ્ય તરીકે મીટીંગમાં ન બોલાવવામાં આવે. જેના ઉપર ચર્ચા વિચારણાના અંતે નિયામકશ્રી આયુષને સભ્ય તરીકે ન બોલાવવા તેવો બી.ઓ.જી ની મંજુરીની અપેક્ષાએ સર્વ સંમતિથી નિર્ણય કરવામાં આવ્યો.**

( ડો. એ. પી. ચાવડા )
ઈન્ચાર્જ કુલસચિવ

---

નં.૪/પરીક્ષા/કંટ્રોલબોર્ડ/૨૦૨૩–૨૪/ ૧૨૭૦ તા. ૦૧/૧૨/૨૦૨૩

પ્રતિ,
સર્વે સંબંધિત સદસ્યશ્રીઓ તરફ.....
(૧) કુલપતિશ્રી, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,જામનગર.
(૨) નિયામકશ્રી, આયુષ, આયુષ વિભાગની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર
(૩) વૈદ્ય ભરતભાઈ કલસરીયા, આચાર્યશ્રી, સરકારી આયુર્વેદ કોલેજ, વડોદરા
(૪) વૈદ્ય શ્રેયસભાઈ ભાલોડીયા, આચાર્યશ્રી, ગ્લોબલ આયુર્વેદ કોલેજ, રાજકોટ
(૫) વૈદ્ય અલ્પેશભાઈ જારસાણીયા,પ્રોફેસર, સરકારી આયુર્વેદ કોલેજ, જુનાગઢ
(૬) વૈદ્ય દિલીપભાઈ જાની, પ્રોફેસર, સરકારી આયુર્વેદ કોલેજ, વડોદરા
(૭) કુલસચિવશ્રી, મેમ્બર સેક્રેટરી, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર

**નકલ રવાના :–**
(૧) પી. એસ. ટુ વી. સી.
(૨) પી. એ. ટુ રજીસ્ટ્રાર
(૩) હિસાબી શાખા
(૪) કોમ્પ્યુટર પ્રોગામરશ્રી, કુલપતિશ્રી કાર્યાલય